પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૫૫ | ૧૦ માર્ચ, ૨૦૨૩, શુક્રવાર; ફાગણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઓસ્ટ્રેલિયા-ભારતની ક્રિકેટ મૈત્રીના અમૃતપર્વની ઉજવણી







## ભારત અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રીઓએ હજારોની જનમેદનીનું અભિવાદન ઝીલ્યું

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે શરૂ થયેલી ચોથી ટેસ્ટ મેચની મજા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થની અલ્બેનીઝ હાજર રહી માણી હતી. પી.એમ. મોદી અને ઓસ્ટ્રેલિયાના પી.એમ. એન્થની અલ્બેનીઝ સાથે મેદાન પર પહોંચ્યા હતા. જ્યાં બન્ને દેશના પી.એમ. રાષ્ટ્રગીતના ગાન સમયે ટીમ સાથે ઉભા રહ્યા હતા. ભારતીય કેપ્ટન રોહિત શર્માએ ટીમના તમામ ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને પીએમ મોદીએ તમામ ભારતીય ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા હતા. બોર્ડર ગાવસ્કર ટ્રોફીની આ અંતિમ અને ચોથી ટેસ્ટના પ્રારંભે બન્ને પી.એમ. કેપ્ટનોને કેપ પહેરાવી હતી. બન્ને પ્રધાનમંત્રી અને બન્ને કેપ્ટનોનો ઐતિહાસિક ફોટો પણ ક્લીક કરવામાં આવ્યો હતો. મોદી અને અલ્બેનીઝે ગોલ્ફ કારમાં મેદાનની મુલાકાત પણ લીધી હતી. ભારત અને ઑસ્ટ્રેલિયાની '૭૫ યર્સ ઓફ ફ્રેન્ડશિપ થ્રુ ક્રિકેટ'ની ભવ્ય ઉજવણી અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયન પીએમ એન્થની અલ્બનીઝ એમપીની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત હતા. ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ સિરીઝની અંતિમ મેચનો પ્રારંભ વિશ્વના સૌથી મોટા એવા અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે થયો. ટેસ્ટ મેચના પ્રારંભ પહેલા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી એન્થની અલ્બનીઝ એમપીએ આ પ્રસંગે પોતપોતાના દેશની ક્રિકેટ ટીમના કપ્તાન અનુક્રમે શ્રી રોહિત શર્મા અને શ્રી સ્ટીવ સ્મિથને કેપ આપી જુસ્સો વધાર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી એન્થની અલ્બનીઝે સ્ટેડિયમમાં હાજર હજારો ક્રિકેટરસિકોનું અભિવાદન ઝીલ્યું હતું. લોકોના હર્ષઘોષથી સ્ટેડિયમ ગૂંજી ઊઠ્યું હતું.

## ઈડીએ ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડ કરી

નવી દિલ્હી, તા.૯

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ઈડીએ ધરપકડ કરી છે. સૂત્રોએ આ જાણકારી આપી છે. ઈડીએ ગુરૂવાર (૯ માર્ચ) એ બીજીવાર દિલ્હી આબકારી નીતિ મામલામાં કથિત કૌભાંડ સાથે જોડાયેલા મની લોન્ડ્રિંગ કેસમાં સિસોદિયાની તિહાડ જેલમાં પૂછપરછ કરી હતી. ઈડીએ આ પહેલાં મંગળવારે પણ જેલમાં સિસોદિયાને સવાલ-જવાબ કર્યાં હતા.

સીબીઆઈએ મનીષ સિસોદિયાની ૨૬ ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી. દિલ્હીની કોર્ટે સોમવારે સિસોદિયાને ૨૦ માર્ચ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલ્યા હતા. સીબીઆઈ મામલામાં મનીષ સિસોદિયાની જામીન અરજી પર શુક્રવારે સુનાવણી પણ થવાની છે.

● અનુસંધાન પાન-૭ પર

## INS વિક્રાંત પર ઓસ્ટ્રેલિયાના PMને ગાર્ડ ઓફ ઓનર

### એન્થોની એલ્બનિઝ LCAના કોકપિટમાં પણ બેઠા : તેમને વડાપ્રધાન મોદીના વખાણ કર્યા

નવી દિલ્હી, તા.૯

ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની એલ્બનિઝને સ્વદેશી INS વિક્રાંત પર ભારતીય નૌકાદળે ગાર્ડ ઓફ ઓનર આપ્યું. આ ભારતનું પ્રથમ સ્વદેશી એરક્રાફ્ટ કેરિયર છે. એલ્બનિઝ ૪ દિવસના ભારત પ્રવાસ પર છે.


આઈએનએસ વિક્રાંત પર જનારા એલ્બનીઝ પ્રથમ વિદેશી વડાપ્રધાન છે. અહીં તેઓ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)ના કોકપિટમાં પણ બેઠા. તેમને વડાપ્રધાન મોદીના વખાણ કર્યા અને જણાવ્યું કે ભારતની સાથે ઓસ્ટ્રેલિયાના સંબંધ કેવી રીતે મજબૂત છે.

તેમને કહ્યું કે હું વડાપ્રધાન મોદીના નિમંત્રણ પર હાલમાં સામેલ થયેલ સ્વદેશી INS વિક્રાંત પર આવવાનું સન્માન મળ્યુ છે. મારી મુલાકાત ભારતીય પેસિફિક અને તેનાથી આગળ ઓસ્ટ્રેલિયાના વિઝનના કેન્દ્રમાં ભારતને રાખવાની મારી સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. સંરક્ષણ સંબંધોને નવા સ્તરે લઈ જવાની બાબત એ છે કે જેઓ સંબંધને માત્ર તે શું છે તે માટે જ નહીં, પરંતુ તે શું હોઈ શકે તે માટે જુએ છે. વડાપ્રધાન મોદી આવા જ એક વ્યક્તિ છે.

અલ્બેનીઝે કહ્યું કે ભારત ઓસ્ટ્રેલિયા માટે ઉચ્ચ સ્તરીય સુરક્ષા ભાગીદાર છે. હિંદ મહાસાગર બંને દેશોની સુરક્ષા અને સમૃદ્ધિનું કેન્દ્ર છે. અમે બંને અમારા વેપાર અને આર્થિક સુખાકારી માટે ઈન્ડો-પેસિફિકમાં દરિયાઈ માર્ગો સુધી મુક્ત અને ખુલ્લા પ્રવેશ પર નિર્ભર છીએ. અમે નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને જાળવી રાખવા અને ઈન્ડો-પેસિફિક

● અનુસંધાન પાન-૭ પર

## અભિનેતા સતીશ કૌશિકનું ગુરુગ્રામની ફોર્ટિસ હોસ્પિ.માં નિધન



મુંબઈ, તા.૯

ફિલ્મ જગતમાં કેલેન્ડરના નામે પ્રસિદ્ધ અભિનેતા, નિર્માતા, નિર્દેશક, કોમેડિયન અને પટકથા લેખક સતીશ કૌશિકનું ગત રાતે ગુરુગ્રામની ફોર્ટિસ હોસ્પિટલમાં નિધન થઈ ગયું. ૬૬ વર્ષીય કૌશિકના પાર્થિવ શરીરનું આજે દિલ્હીની દીનદયાળ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાયું હતું. એવા અહેવાલ છે કે તેમનું મૃત્યુ હાર્ટએટેકને કારણે થયું છે. જોકે ફોર્ટિસના ડૉક્ટરોએ તેના પર શંકા વ્યક્ત કરી છે અને આ જ કારણે તેમના પાર્થિવ શરીરનું પોસ્ટમોર્ટમ કરાયું. આ મામલે દિલ્હી પોલીસને જાણ કરી દેવાઈ છે અને તે હવે આ મામલે વધુ તપાસ કરશે.

## ભારતમાં યુએસ રાજદૂત તરીકે એરિક ગારસેટ્ટી

વોશિંગ્ટન, તા.૯

યુએસકોંગ્રેસના ઉપલા ગૃહ સેનેટની ફોરેન રિલેશન કમિટીએ ભારતમાં રાજદૂત માટે લોસ એન્જલસના ભૂતપૂર્વ મેયર એરિક ગારસેટ્ટીના નામને મંજૂરી આપી છે. સેનેટ કમિટીએ ગારસેટીની તરફેણમાં મતદાન કર્યું હતું. તેમજ તેમનું નામ સેનેટમાં મોકલવામાં આવ્યું છે. સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર સમિતિએ ગઈકાલે ૧૩-૮ના માર્જિનથી ગારસેટ્ટીના નામાંકનને મંજૂરી આપી હતી. રિપબ્લિકન સેનેટર્સ ટોડ યંગ અને બિલ હેગર્ટીએ પણ ગારસેટીની તરફેણમાં મતદાન કર્યું હતું. અમેરિકી વિદેશ વિભાગના પ્રવક્તા નેડ પ્રાઈસે કહ્યું કે અમેરિકાને ભારતમાં કાયમી રાજદૂતની જરૂર છે.

## H3N2 વાયરસ કોરોના વાયરસ જેટલો ખતરનાક

### તહેવાર નિમિત્તે વાયરસનો ખતરો વધી ગયો : ઘણા આરોગ્ય નિષ્ણાતોએ વાયરસના ઘાતક તરંગની ચેતવણી આપી છે

નવી દિલ્લી, તા.૯

AIIMSના ભૂતપૂર્વ ડિરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ લોકોને દેશમાં ફેલાતા H3N2 ઈન્ફલ્યુએન્ઝા વિશે સાવચેત રહેવા અપીલ કરી છે. તેઓ જણાવે છે કે, આ બમારી કોરોનાની જેમ ફેલાય છે.

વૃદ્ધો અને બિમાર વ્યક્તિઓમાં ઝડપથી ફેલાય છે. ડૉ. ગુલેરિયા જણાવે છે કે, ઈન્ફલુએન્ઝા-A H3N2 હાલના સમયમાં શ્વાસ સંબંધિત બિમારીનું મુખ્ય કારણ છે. તમને જણાવી દઈએ કે, આ બિમારીને લઈને ICMRએ એડવાઈઝરી જારી કરી છે. એક્સપર્ટ્સ પણ જણાવે છે કે કોવિડનાં પ્રકોપ દરમિયાન ચલાવામાં આવતા અભિયાનોએ લોકોને વાયરોલોજી અને ખાસ પ્રકારના તણાવ અંગે વધુ જાગૃત કરી દીધા છે.


તમને જણાવી દઈએ કે વાયરસ લાંબા સમયથી છે અને લોકો સંક્રમિત થઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે પણ હેલ્થ એક્સપર્ટ્સ સાથે H3N2



ઈન્ફલુએન્ઝા સાથે વધતા કેસ પર ચર્ચા કરવા માટે એક બેઠક યોજી હતી. બેઠકમાં એક્સપર્ટ્સે જણાવ્યા અનુસાર દેશમાં કોરોનાનાં કેસ ભલે ઓછા થયા છે, પરંતુ ફ્લૂના કેસ વધી રહ્યા છે.

ઈન્ફલુએન્ઝા એક મોસમી સંક્રમણ છે, જેને સિઝનલ ફ્લૂ શરદી-ખાંસીના રૂપમાં ઓળખવામાં આવે છે. આ સંક્રમણ તમામ ઉંમરના લોકોને પ્રભાવિત કરે છે. આ એક પ્રકારનો ચેપી ફ્લૂ છે. ભારતમાં ફ્લૂની વેક્સીન અંગે લોકોમાં જાગરુકતાની ખૂબ જ અછત છે. વિશેષજ્ઞો જણાવે છે કે, ઈન્ફલુએન્ઝાની વેક્સીન સંક્રમણથી બચવા માટેનો સૌથી પ્રભાવી વિકલ્પ છે.

મુંબઈના કન્સલ્ટન્ટ ડાયાબિટોલોજિસ્ટ ડૉ. રાજીવ કોવિલ માને છે કે ઈન્ફલ્યુએન્ઝા વેક્સીન સલામત છે. ઈન્ફલ્યુએન્ઝા સામે સમયાંતરે વેક્સીનેશન થવુ ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને ગંભીર બીમારીઓ ધરાવતા દર્દીઓ માટે. જ્યારે ડો. જેજો કરણકુમાર કહે છે કે ઈન્ફલ્યુએન્ઝા ચેપ સામે વધુ રક્ષણ સુનિશ્ચિત કરવા માટે વેક્સીન એ જ ચાવી છે. દેશમાં જાગૃતિના અભાવે સીઝનલ ફ્લૂને ઘણીવાર અવગણવામાં આવે છે.




બહેરાશ નિદાન તથા અત્યાધુનિક હિયરીંગ એઇડની સારવાર

અનુભવી નિષ્ણાતો દ્વારા કાનની બહેરાશનું નિદાન તથા હિયરીંગ એઇડ ફીટીંગ

+100% ડીજીટલ અને પ્રોગ્રામેબલ હિયરીંગ એઇડ ઉપલબ્ધ

ચેકઅપ FREE

કન્સલટેશન FREE

ટ્રાયલ FREE

બહેરાશ નિદાન કેમ્પ

Date : 12 March (Sunday)
Time : 10 to 1 pm.

ડો.જીજ્ઞેશ રાજવીર
એમ.એસ. (ENT) ડી.એલ.ઓ.

અમીતકુમાર આનંદ
ઓડીયોલોજીસ્ટ (BASLP, IVD)

નારાયણી ENT સ્પીચ એન્ડ હીયરીંગ ક્લિનિક

Narayani ENT CLINIC

૧૦૦૮/૨, સેક્ટર-૭/સી
એસ.ટી.ડેપોની સામે, ગાંધીનગર.
એપોઇન્ટમેન્ટ સંપર્ક : 9824038881,9327743049

સરકારી કર્મચારી તથા પેન્સનરોને સરકાર તરફથી રૂા.૨૫૦૦૦/- એક કાન માટે અને બીજા કાન માટે રૂા.૨૫૦૦૦/- મળીને કુલ રૂા.૫૦૦૦૦/સુધીની રીએમ્બર્સમેન્ટ કરી આપવાની સુવિધા મળશે.

## પૂણ્ય સ્મરણ



સ્વર્ગવાસ ફાગણ વદ-૩ સંવત ૨૦૫૭

जातस्य ही ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(श्रीमद भगवद गीता - २-२७)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

બાવીસમી પુણ્યતિથિએ
પૂજ્ય શારદાબાને
શત્ શત્ પ્રણામ

● કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના ●
● જાગૃતિ - બિપીનકુમાર ● ચારૂ - દર્શનકુમાર ●
● ચિન્મય - વૈભવી ●
● પ્રાર્થના - અનિષ ● લજ્જા - વત્સલ ● વિધી - યશ ●
● કૃપાંશી - હિતાર્થ ●
● શુભાંગ ● યશસ્વી ● એકાગ્ર ●